## પ્રમુખશ્રીનું નિવેદન



શ્રી દિપકકુમાર ડાહ્યાલાલ શાહ

પરમ કૃપાળુ પરમાત્માની અસિમ કૃપા એવમ્ પૂજ્ય ગુરૂદેવના આશિર્વાદથી મેગાસીટી અમદાવાદ મધ્યે વિવા ફાર્મ (હાથીજણ) ના આંગણે નવલી સલુણી શંધ્યાએ શ્રી મડોસા એકડા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિ દ્વારા આયોજીત (૧)" અષ્ટમ વસ્તીપત્રક ગ્રંથ" (૨) "અષ્ટમ ટેલીફોન ડીરેકટરી" (૩) "આધુનિક વેબસાઈટ " ના વિમોચન સાથે (૪) તેરમા"જીવનસાથી પરિચય સંમેલન" ના ચતુષ્કોણીય શુભ પ્રસંગે આપ સૌ જ્ઞાતિ બંધુઓને અંતરની ઉર્મિઓથી આવકારતા હું હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું

આપ સૌ સુવિદિત છો તેમ આપણા બાવન ગામનો સમાજ હાલ ૧૭૧ ગામોમાં પોતાના સામાજીક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ અર્થે સ્થાયી થયેલ છે. આપણા સમાજે છેલ્લા દશકામાં અસાધારણ પ્રગતિ કરી છે. આજના વ્યસ્ત જીવનમાં એકબીજાને પરસ્પર મળવું અને દિકરા દિકરી માટે યોગ્ય પાત્ર સોધવાનું કામ સરળ નથી ત્યારે સમાજ માથીજ યોગ્ય જીવનસાથી ની પંસદગી માટે પરિચય સંમેલન એક પર્યાય છે.

આ સંમેલનમાં ભાગ લેતા યુવક-યુવતીઓને મારી નમ્ર વિનંતી છે કે વિના સંકોચે સ્ટેજ પર આવી આપના જીવનસાથીના પંસદગી અંગેના વિચારો મુક્ત રીતે રજુ કરશો. વધુમાં પોતાની કક્ષા, અને મર્યાદાઓને અનુરૂપ યોગ્ય પાત્રની પસંદગી કરી વડીલોના માર્ગ દર્શન, સલાહ સુચન મેળવી ધીરજ પૂર્વક નિર્ણય કરજો. સંસ્થા દ્વારા લોન્ચ થનાર વેબસાઈટના માધ્યમથી પણ આગામી સમયમાં પણ ઘણી માહિતી એકત્ર કરી શકશો.

આ પ્રોજેક્ટના થનાર ખર્ચના ભંડોળને એકઠુ કરવું એક ભગીરથ કાર્ય હતું પરંતુ સમાજના વિવિધ ગામોનો પ્રવાસ કરવાનો અને જ્ઞાતિના ઘણા પરિવારોને મળવાની અને સમાજ દર્શનની તક મળી પરંતુ સમય ના અભાવે ઘણા સ્થળે રૂબરૂ જઈ શક્યો નથી તેમ છતાં ટેલીફોનથી પણ દાતાશ્રીઓ એ મારી વાતને સ્વીકારી છે તે સૌનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. ખરેખર આપણો સમાજ આર્થિક, સામાજીક અને શૈક્ષણિક રીતે સમૃદ્ધ થયો છે. દિકરા દિકરીઓ ઉચ્ચ શિક્ષણ અર્થે વિદેશ જઈ રહ્યા છે એ સમૃધ્ધ સમાજની પારાશીશી છે.

આજના શુભ પ્રસંગે આપણાં આમંત્રણને સહર્ષ સ્વીકાર કરી પ્રસંગને દૈદિપ્યમાન બનાવનાર સમારંભ પ્રમુખશ્રી ડૉ. ઘનશ્યામભાઈ જે. શાહ (મોડાસા), સમારંભ ઉદ્‌ઘાટક શ્રી મોહનલાલ જે. શાહ (અમદાવાદ), મુખ્ય મહેમાનશ્રી ધીરજલાલ આર. શાહ (અંબરનાથ), ગ્રંથ વિમોચક શ્રી રતિલાલ કે શાહ (તલોદ), ટેલીફોન ડીરેકટરી વિમોચક શ્રી ગોવિંદલાલ જે. શાહ (અમદાવાદ) વેબસાઈટ વિમોચક શ્રી ભરતભાઈ સી. શાહ (અમદાવાદ), પરિચય પુસ્તિકા વિમોચક શ્રી નરેશકુમાર આર. શાહ (અમદાવાદ) ગિફ્ટ દાતા શ્રી જશવંતલાલ ડી. શાહ (બાલાસિનોર) નું ઉષ્માભર્યુ સ્વાગત અને અભિવાદન કરું છું.

આ પ્રોજેક્ટના આયોજન અને માર્ગદર્શન માટે મદદરૂપ થવા બદલ પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર શ્રી વિનોદભાઈ એમ. શાહ, શ્રી કૃષ્ણકાંત કે. શાહ, કન્વીનર શ્રી બિપીનભાઈ સી. શાહ, શ્રી યોગેશભાઈ સી. શાહ, શ્રી ભાવિનભાઈ પી. શાહ, માનદ્ મંત્રી શ્રી ઘનશ્યામભાઈ પી. શાહ, શ્રી આકાશ ડી. શાહ, ઉપપ્રમુખશ્રી મદનગોપાલ એમ. શાહ, શ્રી રાજેશભાઈ કોઠારી, ટ્રસ્ટી શ્રીઓ, માનદ્ મંત્રીશ્રીઓ, ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, મધ્યસ્થ સંસ્થાના પ્રમુખશ્રીઓ, વ્યવસ્થાપક કમિટીના સર્વે સભ્યશ્રીઓ, પ્રતિનિધિશ્રીઓ, વિવિધ કમિટીના સર્વે સભ્યશ્રીઓ તથા નામી અનામી જે કોઈ જ્ઞાતિ બંધુઓ એ તન, મન, ધન અને સમય દાન દ્વારા સહયોગ આપેલ છે તે સર્વેનો હૃદય પૂર્વક આભાર માનું છું. આ પ્રસંગના આયોજન માટે સંપૂર્ણ પ્રયત્ન કરેલા છે છતાં પણ જો જાણે અજાણે ક્ષતિ રહી ગઈ હોય, કોઈ તકલીફ પડી હોય તો વિશાળ દિલ રાખી મને ક્ષમ્ય ગણશો.

અંતમાં પરિચય સંમેલન ફક્ત પરિચય પૂરતું સિમીત ન રહેતા પરિણય સંમેલન બને એવી અભિલાષા સહ શ્રી કોટીયર્ક પ્રભુના ચરણોમાં વંદન સહ વિરમું છું.

લી. આપના સ્નેહાધિન

**શ્રી દિપકકુમાર ડાહ્યાલાલ શાહ**

# પ.ભ. લલીતાબેન રમણલાલ છોટાલાલ શાહ (સરડોઈ) કરજત

## જીવનસાથી પરિચય સંમેલન ટ્રસ્ટના દાતાશ્રી



પ.ભ. રમણલાલ છોટાલાલ શાહ



પ.ભ. લલીતાબેન રમણલાલશાહ

**સૌજન્ય :**

શ્રી સુરેશચંદ્ર રમણલાલ શાહ

અ.સૌ. પ્રેમલતાબેન સુરેશચંદ્ર શાહ

શ્રી નિલેશકુમાર સુરેશચંદ્ર શાહ

વૃંદાબેન - વૈશાલીબેન

# હોદ્દેદારો ૨૦૨૦-૨૦૨૩



**પ્રમુખ**
શ્રી દિપકકુમાર ડી. શાહ



**ઉપપ્રમુખ**
શ્રી મદનગોપાલ એમ. શાહ



**ઉપપ્રમુખ**
શ્રી રાજેકુમાર એસ. કોઠારી

## ટ્રસ્ટીશ્રીઓ



શ્રી બિપીનચંદ્ર સી. શાહ



શ્રી વિનોદકુમાર એમ. શાહ



શ્રી જીતેન્દ્રકુમાર જી. શાહ



શ્રી મનહરલાલ એસ. શાહ (ઓડિટર )

## મંત્રીશ્રીઓ



શ્રી ઘનશ્યામ પી. શાહ



શ્રી ભાવિન પી. શાહ



શ્રી પ્રદિપ કે. શાહ



શ્રી રાજેશ પી. શાહ

## ઉપપ્રમુખશ્રીનું નિવેદન



શ્રી મદનગોપાલ એમ. શાહ



શ્રી રાજેશભાઈ એસ. કોઠારી

**॥ ૐ સર્વ મંગલ માંગલ્યે શિવે સવાર્થ-સાધિકે શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે ॥**

જ્ઞાતિના ચિ. યુવાન યુવકો–યુવતીઓ ને સ્નેહ પૂર્વક વંદન.

આપ સમક્ષ મો.એ.દશા ખડાયતા વસ્તીપત્રક મંડળ પરિચય સંમેલનનો ૧૩મો મેળાવળો યોજતા અમો સૌ કાર્યકરતા સમાજની સર્વશ્રેષ્ઠ સેવા સમજી પ્રભુશ્રી શ્રીનાથજી બાવાની આપણાં સૌ પર અસીમ કૃપા છે તેવી લાગણી અનુભવીએ છીએ. "**આંગળી ચિંધ્યાનું પુણ્ય**" પ્રાપ્ત કરવાનો આ પ્રંસગ અને તે પણ "**જીવનસાથી**" માટે અમારૂ અહોભાગ્ય માનીએ છીએ. આર્થિક કે બીજી સામાજીક સેવાઓ કરતાં **જીવન સંગીની** ની શોધમાં સહભાગી થવું એ ખરેખર શુભચિંતકોને જ આવુ કર્મ કરવાનો પ્રભુ મોકો આપતા હોય છે અને આવી સંસ્થા સાથે જોડાતા હોય છે.

મિત્રો યુવકો અને યુવતીઓ, સમાજ સાથે નું સંગઠન અને બંધન એ આપણી એકતાને મજબુત અને દ્રઢ બનાવે છે. સામજ માં જે લાડ–પ્યાર, સગા–સંબંધી ઓળખીતા ને જાણીતા, કોઈકને કોક... છેડો તો મળતોજ હોય, જેનાથી આત્મીયતા અને હુંફ મળતી હોય છે. બીજી જ્ઞાતિ કે બીજા કોઈ સંબંધમાં...સંબંધ તો બંધાય છે, તે માત્ર બે કુટુંબ વચ્ચેજ આત્મીયતા મળશે, જ્યારે આપણામાં આખો સમાજ. છોકરાઓ માટે તો હજી ઠીક છે છોકરી લાવી જ્ઞાતીમાં સમાજમાં ભળી જાય છે પરંતુ જ્યારે દિકરીની વાત હોય ત્યારે ઘણી વખત ઘણુંજ અઘરૂ હોય છે. તેમના વારસો આપણાં સમાજથી સાવ વિખુતા પડી જાય છે. પિયરના સંબંધોથી વંચીત રહી જાય છે. માતા–પિતા પણ સમયાંતરે ખાલીપો અનુભવતા હોય છે.

યુવક–યુવતી મિત્રો, સમાજ આપ સૌના માટે આવા પ્રોગ્રામ રચી તમારી સમક્ષ મનગમતું પાત્ર શોધવા માટે મોટી સંખ્યામાં મોટુ પ્લેટફોર્મ આપ્યું છે. આવા સમયે તમે તમારો દ્રઢતાપૂર્વક પરિચય વિસ્તૃત રીતે આપી તમારી કાબેલિયતનું વર્ણન કરી, ઘર, કુટુંબ, ખાનદાનની માહિતી આપી કોન્ફીડન્સ સાથે સ્ટેજ પર વાત કરવી જોઈએ. સાથે સાથે તમે તમારા વિચારો, તમારી પંસદગી, તમારી જરૂરીયાત પછી તે ભણતર અંગે હોય ગૃહસ્તી અંગે હોય કમાવવાની ક્ષમતા અંગે હોય સ્વતંત્ર કે કુટુંબ વ્યવસ્થા અંગે હોય તમારે નિ:સંકોચ રજુ કરવી જોઈએ.

ગમતા કેન્ડીડેટ ને ધ્યાનમાં રાખી **વન ટુ વન મીટીંગ** સમયે વધુ ચોખવટ વિસ્તારથી વાત કરવાની મોકળાશ માણી શકશો. એક કરતાં **વધુ ઈન્ટરવ્યુ** પણ થઈ શકશે. તમારી પસંદગી સાથે વાત ચિતનો પૂરતો સમય મળશે. એક બીજાના માતા–પિતા સાથે પણ વાતચીત થઈ શકશે. આવા અલ્હાદક વાતાવરણમાં વાક છુટ રાખી શરમાયા વગર આગળ વધવાની તક છે... **જે જતી ન કરતાં તમો સમયનો પૂરે પૂરો ઉપયોગ કરી આગળ વધશો.** "અહીં બધાજ આપણાં છે અપરિચિત છીએ માટેજ મળીએ છીએ."

શ્રી મદનગોપાલ એમ. શાહ

શ્રી રાજેશભાઈ એસ. કોઠારી

## સમારંભ પ્રમુખશ્રી



**શ્રી ડૉ. ઘનશ્યામભાઈ જયચંદદાસ શાહ**

સામાજીક, શૈક્ષણિક અને જાહેર જીવનની કારકીર્દી ધરાવતા સમાજ હીત ચિંતક ડૉ. ઘનશ્યામભાઈનો જન્મ તા. ૪–૭–૧૯૫૦ના રોજ મેઢાસણ મુકામે થયો પ્રાથમિક તથા હાયર સેકન્ડરી સુધી નું શિક્ષણ મેઢાસણ ખાતે મેળવી અમદાવાદ વી.એસ. હોસ્પિટલ ખાતે થી ગાયનેકોલજીસ્ટ ડીગ્રી પ્રાપ્ત કરી.

ડૉક્ટરની ડીગ્રી પ્રાપ્ત કર્યા બાદ સેવા કરવાની તમન્ના સાથે સને ૧૯૭૯ માં મોડાસા ખાતે પોતાની મમતા ગાયનેક હોસ્પિટલની સ્થાપના કરી, મોડાસાને પોતાની કર્મભૂમિ બનાવી વડીલોના આશીર્વાદ અને પોતાની કાર્યક્ષમતાથી મોડાસા તથા આજુબાજુના વિસ્તારમાં ડૉક્ટર તરીકે સારી નામના મેળવી હાલ પોતાની સેવાઓ આપી રહ્યા છે.

પોતાના તબીબી વ્યસાયની સાથે સાથે તેમના મિલનસાર અને મળતાવડા સ્વભાવથી મોડાસા ખાતેની સામજીક, બેંકીગ તથા શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ ઉપર પદભાર સંભાળી ખૂબ સારી લોકચાહના મેળવેલ છે. મોડાસા નાગરિક બેંકના ચેરમેન તરીકે પણ સેવા આપેલ છે. શ્રી મોડાસા એકડા દશા ખડાયતા સામજીક સુરક્ષા યોજનાના પ્રમુખશ્રી તરીકે તેમજ આપણા સમાજની મધ્યસ્થ સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ ઉપર પોતાનું યોગદાન આપી સમાજ હિતાર્થે સુંદર કાર્યો કરેલ છે.

આવી બહુમુખી પ્રતિભા ધરાવતા તથા વિવિધ ક્ષેત્રે વિશાળ યોગદાન પ્રદાન કરનાર ડૉ. ઘનશ્યામભાઈના પરિવારમાં તેમના ધર્મ પત્ની સુરેખાબેન, ડૉ. ભૌમિકભાઈ, પુત્ર વધુ ડૉ. ભૂમિકાબેન નો પણ ડૉક્ટરશ્રીના કાર્યમાં સુંદર સહયોગ સાપડેલ છે.

ડૉ. ભૌમિકભાઈ પણ પૂ. પિતાશ્રીની કંડારેલી કેડીપર ચાલી અમદાવાદ ગોતા ખાતે શ્રી શ્રીજી વુમન્સ ચિલ્ડ્રન હોસ્પિટલની સ્થાપના કરી. આરોગ્ય સેવાઓ પ્રદાન કરે છે. આજના શુભ પ્રંસગે યશસ્વી કારકીર્દી ધરાવતા સમારંભ પ્રમુખ તરીકે ઉપસ્થિત ડૉ. ઘનશ્યામભાઈનું હાર્દિક સ્વાગત સંસ્થા આનંદની લાગણી અનુભવે છે.

## સમારંભ ઉદ્‌ઘાટકશ્રી



**શ્રી મોહનલાલ જેઠાલાલ શાહ**

મોહનલાલ નામે જાણીતા મોહનભાઈ સામાજીક, ધાર્મિક તથા અન્ય ક્ષેત્રે અવિરત સેવાઓ પ્રદાન કરનાર વિરલ વ્યક્તિ તરીકે અભિવાદી છે. સેવા કલાયણના કાર્યોમાં સદાય તત્પર રહી સામાજીક વિકાસ અર્થે શક્ય તેટલું કરી છૂટવાની ભાવના સાથે સતત કાર્યશીલ છે. અત્યંત સાલસ અને સરળ સ્વભાવના શ્રી મોહનભાઈમાં ક્યાંય કોઈ ગુમાન, કર્તૃત્વનો અહંકાર કે પાંડીત્યનો ભાર જોવા નહી મળે. જીવનની ઘણી લીલી સૂકી જોઈ, સતત સંઘર્ષથી શૂન્યમાંથી સર્જન કરી, ધંધાનું મોટું સામ્રાજ્ય રચી આપમેળે આગળ આવનાર મોહનભાઈ સામાજીક તથા ધાર્મિક ક્ષેત્રે પણ તેટલી જ સેવાઓ તન, મન, ધનથી કરે છે. ગુજરાત રાજ્ય લઘુ ઉદ્યોગ મહામંડળ અમદાવાદ તથા કોટયર્ક મંદિર મહુડીમાં સક્રિય કારોબારી મેમ્બર રહી તથા ઉપપ્રમુખ બે વર્ષ રહી તેમણે બજાવેલ સેવાઓ પ્રસંશનીય રહેલ છે.

મોહનભાઈએ તેમના જીવનના ૧૦ વર્ષ સેન્ટ્રલ રેલ્વેમાં મુંબઈ વિભાગમાં સ્ટેશન માસ્તરની નોકરી કરી અને ત્યાર પછી ૨૧ વર્ષ વેસ્ટર્ન રેલ્વેમાં અમદાવાદમાં “એ” ગ્રેડ ચાર્ડની નોકરી કરી અને સમાજમાં ચાહના મેળવીને છેવટે મણિનગરમાં સ્થાયી થયા. અને મુ.પી.એન. શાહ કલ્યાણની મદદથી ઘેર ઘેર નિરમા પાવડરનું વેચાણ ચાલુ કર્યુ અને મોહનભાઈ ની ધગશ અને ઉત્સાહ જોઈ નિરમા લિમિટેડના ચેરમેન શ્રી કરનભાઈ પટેલના સહકારથી નિરમા પાવડરની સાતારા જીલ્લાની સોલ ડિસ્ટ્રીબ્યુટરશીપ મેળવી અને ધંધાનો બહોળો વિકાસ કર્યો તે દરમિયાન તેમના મોટા પુત્ર શ્રી દિલીપભાઈ બી.કોમ થયા અને ધંધાનુ સુકાન તેમને સોપ્યું અને ધંધાને ઘણાજ મોટા પાયા પર વિસ્તૃત કર્યો. સને ૧૯૮૪માં મોહનભાઈ એ ૪૬ વર્ષની ઉંમરે “એ” ગ્રેડ ચાર્ડની પોસ્ટ ઉપરથી સ્વૈચ્છિક રાજીનામું આપ્યું. સને ૧૯૮૭માં તેમના બીજા પુત્ર કેમિકલ એન્જીનીયર થયા અને શ્રી માધવલાલ અંબાલાલ શાહ સાથે વટવામાં કેમિકલનો ધંધો કરી બે વર્ષમાં બહોળો અનુભવ લીધો અને આગવી સૂઝથી તથા વડોદરાવાળા શ્રી રમણલાલ આર. શાહના માર્ગદર્શન તથા સહકારથી દહેગામ મુકામે કેમિકલની ફેક્ટરી કરી અને કેમિકલનો ધંધો વિકસાવ્યો.

શ્રી મોહનભાઈના બંને પુત્રોના પરિશ્રમના પરિપાકરૂપે શ્રી દિલીપભાઈ સાતારા મહારાષ્ટ્રમાં શ્રીજી ટ્રેડીંગ કંપનીમાં નિરમા તથા ચા ની એજન્સી તથા દહેગામમાં શ્રી રાજુભાઈ કેમિકલની શ્રી વલ્લભ કેમિકલ ફેક્ટરી ધરાવે છે અને તેનું સફ્તાપૂર્વક  સંચાલન કરી રહ્યા છે.

શ્રી મોહનભાઈએ નીચેની સંસ્થાઓમાં અવિરત સેવા આપેલ છે.

પ્રમુખ તરીકે : સીનીયર સીટીઝન ક્લબ, ઈસનપુર
ઉપપ્રમુખ તરીકે : શ્રી કોટિયર્ક ખડાયતા સમિતિ, (કોટયર્ક મંદિર, મહુડી)
પ્રમુખ તરીકે : શ્રી મોડાસા એકડા દશા ખડાયતા મંડળ, અમદાવાદ
પ્રમુખ તરીકે : શેઠ વિઠ્ઠલદાસ શિવલાલ મોડાસા એકડા દશા ખડાયતા ચેરીટેબલ સોસાયટી,
મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી ડુંગરદાસ લલ્લુભાઈ મોડાસા એકડા દશા ખડાયતા મેડિકલ રીલીફ સોસાયટી
કમિટી મેમ્બર : ગુજરાત રાજ્ય લઘુ ઉદ્યોગ મહામંડળ, અમદાવાદ
શાખ કમિટી સભ્ય : હરિઓમ ક્રેડિટ સોસાયટી, મણિનગર

શ્રી મોહનભાઈ ના ધર્મ પત્ની કૈલાસબેન ધર્મ પરાયણ છે. શ્રી મોહનભાઈ જે. શાહ માનવ સેવા એજ પ્રભુ સેવા ના સદ્‌ગુણોનો વારસો ધરાવે છે શ્રી મોહનભાઈની પગદંડી પર તેમના બંને પુત્રો શ્રી દિલીપભાઈ અને રાજુભાઈ હંમેશા તત્પર હોય છે. આપશ્રીના પરિવાર દ્વારા સમાજની મધ્યસ્થ સંસ્થા તથા અમદાવાદ મંડળમાં પણ અમુલ્ય યોગદાન આપ્યું છે. આવા ધર્મ પરાયણ સમાજ પ્રેમી અને દાનવીર શ્રી મોહનભાઈનુ ઉષ્માભર્યું સ્વાગત  છે

## મુખ્ય મહેમાન



**શ્રી ધીરજલાલ રવચંદદાસ શાહ**

સ્વભાવે પ્રેમાળ, ઉદાર દિલવાળા, સમાજ પ્રત્યે અપાર પ્રેમ ધરાવતા ધીરજભાઈનો જન્મ ૨૯–૯–૧૯૪૯ ના દિવસ લીંબડીયા મુંકામે થયો હતો.

૧૯૭૦ સુધી કોલેજનો અભ્યાસ કરી ધંધાર્થે ચૌક (મહારાષ્ટ્ર) ખાતે પોતાનાં પારિવારીક વ્યવસાયમાં જોડાયા અને ૧૯૭૮માં અંબરનાથ જીલ્લા ખાતે પોતાનાં વ્યવસાયની શરૂઆત કરી દિન–પ્રતિદિન પ્રગતિ કરી. સફળતાના શિકરો સર કરી ૧૯૮૨માં અંબરનાથ ખાતે સાંઈનાથ સ્ટીલ કોર્પોરેશન તથા શુભ બિલ્ડ કોન અને બાલાજી હોમ્સ નામની કંપનીઓની સ્થાપના કરી. ચિ. કલ્પેશભાઈ અને નિજેશભાઈ પોતાના પિતાશ્રીએ સ્થાપિત વ્યવસાયને આગળ ધપાવી અંબરનાથ વિસ્તારમાં ખૂબ સારી નામના મેળવેલ છે.

આપશ્રીએ સમાજની સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી છે. આપશ્રીએ શ્રી મોડાસા એકડા દશા  ખડાયતા સમાજ કોંકણ વિભાગના પ્રમુખ તરીકે તથા આપણા સમાજની મધ્યસ્થ સંસ્થા શ્રી ડુંગરદાસ લલ્લુભાઈ શાહ મેડિકલ રીલીફ સોસાયટીના પ્રમુખ તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ છે. આપશ્રીએ પોતાના કાર્યકાળ દરમ્યાન સમાજને ખૂબ સારું ભંડોળ એકઠું કરી પોતાના પરિવારનું પણ ૧૭,૧૧,૦૦૦ નું માતબર દાન આપી માનવતાની મહેક પ્રસરાવી છે. જે આપણાં સૌ માટે ગૌરવ અને પ્રેરણાદાયી વાત છે.

શ્રી ધીરજભાઈના સમાજીક તથા ધાર્મિક કાર્યોમાં એમના ધર્મપત્ની અ.સૌ. દક્ષાબેન પ્રોત્સાહન આપી મદદરૂપ થાય છે. તેમના બંને પુત્રો કલ્પેશભાઈ, નિજેશભાઈ, પુત્રવધુ ચિ. તનુજા અને ચિ. દિપાલી પણ પડછાયની જેમ તેમની સાથે રહી પપ્પાના કાર્યને પ્રોત્સાહન આપે છે. પુત્રી જીજ્ઞાબેન તથા જમાઈ શ્રી પ્રણવભાઈ અમદાવાદ ખાતે એર પ્રોડ્કસન ના ધંધામાં સક્રીય છે.

શ્રી ધીરજભાઈ શ્રી વલ્લભના પ્રિતી પાત્ર છે. આપશ્રી તથા આપના પરિવાર પર આચાર્ય પરિવારના આશીર્વાદ વરેલા છે. ધર્મ પ્રેમી તથા દાનવીર શ્રી ધીરજભાઈ ની આજના પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આવકારતા સંસ્થા હર્ષની લાગણી અનુભવે છે.

## વસ્તીપત્રક ગ્રંથના વિમોચક



**શ્રી રતિલાલ કેશવલાલ શાહ**

શ્રી રતિલાલ કેશવલાલ શાહ મૂળ ઉજેડીયાના વતની અને તલોદની પોતાની કર્મભૂમિ બનાવી તલોદ ખાતે સ્થાયી થયા છે. ૧૯૬૭માં બી.એસસી સુધીનો અભ્યાસ કર્યો હોવા છતાં પોતાના પૂ.પિતાશ્રીનાં આગ્રહને વશ થઈ કાપડનો વ્યવસાય સ્વીકારી તલોદ વિસ્તારમાં પ્રતિષ્ઠીત વહેપારી તરીકે લોકપ્રેમ સંપાદન કરેલ છે.

સ્વભાવે મૃદુભાષી, વિવેકી, સ્નેહાળ ભગવદીય શ્રી રતિલાલના જીવનની સામાજીક અને પારિવારીક વ્યસ્તતા હોવા છતાં સામજની મધ્યસ્થ સંસ્થાઓ તથા જાહેર જીવનની સંસ્થાઓમાં સંકળાયેલા છે વ્યવસાયમાં દ્રવ્યપાર્જન કરી તેને સદ્માર્ગે વાપરી જાણે છે. તલોદ ગામમાં તેઓશ્રીએ બહેરા મૂંગા શાળા, તલોદ કોલેજ, વોટર વર્કસના પ્રોજેક્ટ, શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાના અને તલોદ ખાતે પ્રવેશદ્વારમાં પોતાનું યથાશક્તિ યોગદાન આપી સજ્જનતા શોભાવી છે.

શ્રી વલ્લભના કૃપાપાત્ર અને સ્વભાવે કવિહ્દય એવા શ્રી રતિભાઈ શ્રીજીની કૃપાથી તેઓના સ્વરચિત કિર્તનો વૈષ્ણવ પરિવાર, બાલપુષ્ટી ખડાયતા જ્યોતિ અને ખડાયતા યુવક જેવા માસિક પુસ્તકોમાં પ્રકાશિત થાય છે આ પ્રકાશિત કિર્તનોને શ્રી હરસાનીજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સારસ્વત સન્માન એવોર્ડ પણ આપવામાં આવેલ છે.

આપશ્રીનો વસ્તીપત્રક સમિતિ સાથે નાતો જુનો છે વ.પ. સમિતિના ભૂ.પૂ. પ્રમુખ ગો.વા. દામોદરદાસ વેણીચંદ શાહ (બોલુન્દ્રા)ના નેજા હેઠળ વસ્તીપત્રક ગ્રંથની તૃતીય આવૃત્તિ ૧૯૮૭નું વિમોચન તલોદ મુકામે તેમની રાહબરી હેઠળ કરવામાં આવ્યું હતું. આપશ્રી આ સંસ્થાના પ્રમુખશ્રી તરીકે વર્ષ ૨૦૧૦-૧૨માં સેવાઓ આપી નવમ્ પરિચય સંમેલન અને ચતુર્થ ટેલીફોન ડીરેકટરીનું પ્રકાશન કરેલ હતું.

પરિવારમાં સાત દિકરીઓ હોવા છતાં તમામને સારું શિક્ષણ અને કેળવણી આપી સમાજમાં પરણાવી છે. વડીલોના આશીર્વાદ અને પ્રભુકૃપાએએ સાતેય દિકરીઓ ખૂબ સુખી છે અને પોતાના પરિવારમાં કિલ્લોલ કરે છે. બધી દિકરીઓને એકજ શિખામણ આપે કે દિકરી એટલે બે માળાનું પંખી એને બે કુળ ઉજાળવાના હોય છે. તેઓના ધર્મપત્ની ગો.વા.પ.ભ. મંજુલાબેન ધર્મપ્રેમી અને પ્રેમાળ હતા.

ધર્મપ્રેમી, શિક્ષણપ્રેમી અને સમાજ હિત ચિંતક શ્રી રતિલાલ કે. શાહ નું આજના શુભ પ્રંસગે હાર્દિક સ્વાગત છે.

## ટેલીફોન ડીરેક્ટરીના વિમોચક



**શ્રી ગોવિંદલાલ જયચંદદાસ શાહ**

સમાજલક્ષી કાર્યોમાં રૂચી ધરાવતા અને સમાજ માટે કંઈક કરવાની સતત ઈચ્છા ધરાવતા મળતાવડા અને સાલસ સ્વભાના શ્રી  ગોવિંદલાલ જયચંદદાસનો જન્મ તા. ૨૫-૧૦-૧૯૪૭ના રોજ પુંસરી મુકામે થયો. બી.એસસી સુધીનો અભ્યાસ કરી પોતાના પરિવાર સાથે અમદાવાદ ખાતે સ્થાયી થયા.

અમદાવાને પોતાની કર્મભૂમિ બનાવી સૌપ્રથમ કેલિકોમિલ અમદાવાદ ખાતે નોકરીની શરૂઆત કરી અને ત્યારબાદ રીલાયન્સ ટેક્ષટાઈલમાં પણ જોબ કરી. પરંતુ નોકરી કરતા ધંધામાં વધુ રસ ધરાવતા હોઈ નોકરીને તિલાંજલી આપી ઈન્ડસ્ટ્રીયલ હાર્ડવેર પ્રોડક્ટના સપ્લાય માટે રિલાયન્સ એન્ટરપ્રાઈઝ પેઢીની સ્થાપના કરી. ધંધાકીય આગવી સુઝ અને અથાક પરિશ્રમ થકી દિન-પ્રતિદિન ધંધાકીય વિકાસ કરી પોતાના પરિવારની આર્થિક સીડી તૈયાર કરી સફળથાના શિખરો સર કરી અને ધંધાકીય રીતે ખૂબ સારી નામના મેળવી છે.

શ્રી ગોવિંદભાઈએ પોતાના વ્યવસાયની સાથે સામાજીક શ્રેત્રે પણ પોતાનું યોગદાન આપેલ છે. અમદાવાદ ખાતેની સીનીયર સીટીઝન કાઉન્સીલની સ્થાપનામાં પણ મહત્વપૂર્ણ ફાળો આપેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭માં સીનીયર સીટીઝન કાઉન્સીલના પ્રમુખપદ દરમ્યાન સૌરાષ્ટ્રના યાત્રા પ્રવાસનું સુંદર આયોજન કરેલ જેમાં લગભગ ૮૦ જેટલા વૈષ્ણવો જોડાયેલા છેલ્લા ત્રણ દાયકાથી શ્રી મોડાસા એકડા દશા ખડાયતા મંડળ અમદાવાદ અને સમાજની મધ્યસ્થ સંસ્થાઓમાં પણ ઉમદા સહયોગ આપેલ છે અમદાવાદ મંડળના કાર્યલય માટે પણ આપશ્રીએ ઉંડો રસ લઈ ઉમદા સહયોગ આપેલ છે. સમાજની તમામ સંસ્થાઓમાં પણ આપના પરિવાર દ્વારા યથાશક્તિ યોગદાન આપી સમાજ પ્રત્યેની પોતાની કર્તવ્યનિષ્ઠા બજાવે છે.

અમદાવાદ જ્યારે મોડાસા એકડા દશા ખડાયતાનું હબ બનતું જાય છે. સમાજના અંદાજીત ૮૦૦ પરિવારો અમદાવાદ ખાતે અને બાકીના ૧૭૧ ગામોમા સમાજના પરિવારો વસવાટ કરે છે ત્યારે સમગ્ર મોડાસા એકડા દશા ખડાયતા સમાજનું અમદાવાદ ખાતે સંકુલ બનાવવા અદમ્ય ઈચ્છા ધરાવે છે.

શ્રી ગોવિંદભાઈ ના સામાજીક આર્થિક અને ધાર્મિક કાર્યોમાં તેમના ધર્મ પત્ની કુંજબાળબેન, સુપુત્ર નિરવભાઈ, પુત્રવધુ અ.સૌ. પિનલનો પણ સુંદર સહયોગ મળે છે.

આવા ધર્મ પ્રેમી સમાજ પ્રત્યે કર્તવ્ય નિષ્ઠા ધરાવતા શ્રી ગોવિંદભાઈ નુ સંસ્થા વતી હાર્દિક અભિવાદન છે.

## ડીજીટલ વેબસાઈટ વિમોચક



**શ્રી ભરતભાઈ ચંદુલાલ શાહ**

વિચારોમાં પરિપક્વતા, વાણીમાં મક્કમતા, વસ્તુસ્થિતિ પામી લેવી એના મૂળ સુધી જવું અને એના ઉકેલમાં લાગી જવું, શિસ્તબધ્ધ જીવન એ ભરતભાઈના વ્યક્તિત્વની વિશેષ લાક્ષણિકતા છે સુખી પરિવારમાં જન્મ થયો હોવા છતાં વિકાસનો પોતીકો પંથ કંડારનાર શિલ્પી છે. સ્વબળે આગળ વધી પરિવારનું નામ રોશન કરેલ છે.

શ્રી ભરતભાઈ નો જન્મ તા. ૪-૧૦-૧૯૫૪ના રોજ આનંદીબેન અને ચુંદલાલના પરિવારમાં થયો. બુધ્ધી તેજસ્વી પ્રતિભા ધરાવતા ભરતભાઈ એ અલે.એલ.બી. સુધીનું શિક્ષણ પૂર્ણ કરી ૧૯૭૯માં રેખાબેન સાથે દામ્પત્યજીવનનો પ્રારંભ કરી ૧૯૮૦માં રવિ પ્લાસ્ટીક નામે ફેકટરી સ્થાપી અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવી.

અથાક પરિશ્રમ અને ધંધાકીય કુનેહથી રવિ પ્લાસ્ટીક દ્વારા બિઝનેસમાં પોતાની આગવી પ્રતિભા ઉભી કરી સમયની માંગ અનુસાર બન્ને પુત્રો ચિ. જતીનભાઈ અને ચિ. જીગરભાઈ પોતાના પિતાશ્રી દ્વારા વિકસાવેલ ધંધામાં જોડાયા અને અનેક સિધ્ધી હાંસલ કરી પોતાના પરિવારની આગવી ઓળખ ઉભી કરેલ છે.

સમાજ સેવાના સદ્‌ગુણોનો પૂ.પિતાશ્રીનો વારસો આગળ ધપાવી ભરતભાઈ સમાજની તમામ સંસ્થાઓમાં સક્રિય ભાગ લઈ પોતાનું યોગદાન આપે છે. શ્રી મોડાસા એકડા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિના વર્ષ ૨૦૧૦-૧૨ દરમ્યાન પ્રમુખ તરીકે સેવા આપી તેઓના કાર્યકાળ દરમ્યાન સપ્તમ વસ્તીપત્રક ગ્રંથ, દશમ જીવન સાથી પરિચય સંમેલનનું આયોજન કરેલ તેમજ સમયની માંગ સાથે ડીજીટલ વેબસાઈટ www.medk.org. તૈયાર કરી સમાજને અર્પણ કરેલ હતી. હાલ ટેકનીકલ કારણોસર વેબસાઈટ ચાલતી ન હોય પુન: આપશ્રીએ આ અંગે અથાક પરિશ્રમ લઈ વેબસાઈટનું પુન: નિર્માણ કાર્ય હાથ ધરેલ છે તેમજ વેબસાઈટ અંગે થનાર તમામ ખર્ચ પણ ઉઠાવી સમાજને આજે નવીન ડીજીટલ વેબસાઈટ અર્પણ કરેલ છે.

તેમના સમાજ સેવાના કાર્યો મા તેમજ જીવનના દરેક ક્ષેત્રે તેમના ધર્મ પત્ની રેખાબેનનો અનેરો અને અમુલ્ય સાથ અને પ્રેરણાબળ મળતું રહે છે. તેમના બન્ને પુત્રો જતિનભાઈ અને જીગરભાઈ પણ તેમના કદમે કદમ મિલાવી પિતાશ્રીની કંડારેલી કેડી પર ચાલી સેવાઓ આપે છે.

મિથ્યાભિમાની, મહત્વકાંક્ષી અને સમાજ સેવક ભરતભાઈ તથા તેમના પરિવાર પર સદાય પ્રભુની કૃપા

## પરિચય પુસ્તિકા વિમોચક



**શ્રી નરેશભાઈ રમણલાલ શાહ**

સરળ વ્યક્તિત્વ નિખાલસ સ્વભાવ અને સ્વપરિશ્રમથી સફળતાના સોપાનો સર કરનાર બાયડના વતની શ્રી નરેશભાઈ  રમણલાલ શાહનો જન્મ તા. ૨૨-૨-૧૯૫૭ના રોજ ડૉ. રમણલાલ શંકરલાલ શાહના પરિવારમાં થયો. બી.એસસી કેમસ્ટ્રી સુધીનો અભ્યાસ પૂર્ણ કરી અમદાવાદને કર્મભૂમિ બનાવી કૃણાલ કેમિકલ ઈન્ડ.ની વટવા ખાતે સ્થાપના કરી.

પોતાના અભ્યાસના ક્ષેત્રમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં કઠોર પરિશ્રમ કરી વ્યવસાયિક ક્ષેત્રે ખૂબ સારી નામના મેળવી. શ્રી નરેશભાઈ ના પૂ. પિતાશ્રી ડૉ. રમણલાલ શંકરલાલ શાહે બાયડ તથા આજુબાજુના વિસ્તારોમાં ડૉક્ટર તરીકેની સેવાઓ આપી ખૂબ સારી નામના અને લોકચાહના મેળવી હતી સેવાકાર્યોના પોતાના પૂ. પિતાશ્રીના સદ્‌ગુણોનો વારસો જાળવી, વ્યવસાયની સાથે શ્રી નરેશભાઈ એ સમાજની મધ્યસ્થ સંસ્થાઓમાં ઉંડો રસ દાખવી સમાજની મધ્યસ્થ સંસ્થા શ્રી ડુંગરદાસ લલ્લુભાઈ મેડીકલ રીલીફ સોસાયટી ના પ્રમુખશ્રી તરીકે તેમજ સમાજની અન્ય સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ ઉપર સેવાઓ આપી છે.

પરિવાર પ્રત્યે અતુટ પ્રેમ અને ભાતૃભાવ ધરાવતા શ્રી નરેશભાઈ ના પ્રગતિ પથના હમસફર અને કુટુંબ વત્સલતા ધરાવતા અ.સૌ. નયનાબેને પણ જીવનસંગીની તરીકે ખૂબ સાથ નિભાવ્યો  છે. શ્રી નરેશભાઈની બન્ને પુત્રીઓ પૌલમીબેન એને ઋતુબેન પોતાના પરિવારમાં કિલ્લોલ કરે છે.

સમાજ પ્રત્યે કંઈક કરવાની ખેવના ધરાવતા શ્રી નરેશભાઈ નું આજના પ્રસંગે પરિચય પુસ્તિકા વિમોચક તરીકે સ્વાગત કરતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે.

## ગીફ્ટ દાતાશ્રી



**શ્રી જશવંતલાલ દામોદરદાસ શાહ**


**"કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી"** આ વ્યક્તિ નથી આ ઉક્તિને સાચા અર્થ માં ચરિતાર્થ કરનાર વિકાસ પુરૂષ એટલે શ્રી જશવંતલાલ દામોદરદાસ શાહ મૂળ ધનસુરાના વતની મેટ્રીક સુધીનો અભ્યાસ કરી પોતાના આર્થિક વિકાસ અર્થે બાલાસિનોર ખાતે સ્થાયી થયા. આજથી ૫૦ વર્ષ પૂર્વે બાલાસિનોર ખાતે શ્રી યમુના મશીનરી સ્ટોર્સની સ્થાપના કરી. સખત મહેનત, ધંધાકીય સુઝ અને પોતાની કુનેહથી ઉત્તરોત્તર પ્રગતિ કરી શ્રીનાથજી આર્યન એન્ડ સ્ટીલ ટ્રેડર્સ ના નામે બીજી ફર્મ ની શરૂઆત કરી, અંબુજા સિમેન્ટ, ટાટ સ્ટીલ જેવી ખ્યાતનામ કંપનીઓની એજન્સી મેળવી બાલાસિનોર શહેર તથા આજુબાજુના પંથકમાં ખ્યાતનામ વહેપારી તરીકે નામના મેળવી.

પોતાના પારિવારીક વ્યવસાયની સાથે કુશાગ્ર બુધ્ધિ અને વહીવટી પરિપક્વતાથી સામજીક અને સહકારી ક્ષેત્રમાં પણ પોતાનું યોગદાન આપ્યુ છે. આપ શ્રીએ લાયન્સ ક્લબ ઓફ બાલાસિનોર ના ખજાનચી, બાલાસિનોર નાગરિક સહકારી બેંકના ડીરેક્ટર તરીકે સેવાઓ આપી છે. સમાજ પ્રત્યે કંઈક કરવાની ભાવનાથી શ્રી ડું.લ. શાહ મેડીકલ રીલીફ સોસાયટીમાં રૂા. ૫,૨૧,૦૦૦ નું કીડનીના રોગોની સારવાર માટે દાન આપી માનવતાની મહેકને પ્રસરાવી છે.

શ્રી જશવંતભાઈ ના ધર્મ પત્ની અ.સૌ. લીલાબેન ધર્મ પરાયણ છે. બન્ને પુત્રો શ્રી રોહિતભાઈ અને શ્રી નિતીનભાઈ પણ પોતાના પિતાશ્રીએ કંડારેલી કેડી પર સામાજીક, ધાર્મિક ક્ષેત્રે પોતાનું યોગદાન આપે છે. તેમના પૌત્રો શ્રી ધવલભાઈ અમેરિકા અને ડૉ. સેતુલભાઈ (એમ.એસ. ઓર્થો) વડોદરા પોતાના વ્યવસાય અર્થે સ્થાયી થયા છે. બન્ને પૌત્રીઓ ભૂમિબેન અને એશાબેન પણ શ્રી નાથજી બાવાની અસીમ કૃપાથી પોતાના પરિવાર સાથે આનંદમય જીવન વિતાવે છે.

શ્રી જશવંતભાઈ પરિવાર પર પ્રભુની અસીમ કૃપા બની રહે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ....

# પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરશ્રીઓનુ નિવેદન



શ્રી વિનોદભાઈ એમ. શાહ



શ્રી કૃષ્ણકાંત કે. શાહ

શ્રી મોડાસા એકડા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિ દ્વારા સમાજના હિતાર્થે વસ્તીપત્રક ગ્રંથ, ટેલીફોન ડીરેક્ટરી વિવાહોત્સુક યુવક-યુવતી પ્રકાશન, પરીચય સંમેલન, સમુલગ્ન, વિવાહોત્સુક જીવન સાથી પરિચય પુસ્તિકા પ્રકાશનનાં સુંદર કાર્યો કરે છે.

ચાલુ વર્ષે પ્રમુખશ્રી દિપકભાઈએ અષ્ટમ વસ્તીપત્રક ગ્રંથ-૨૦૨૨, ષષ્ઠમ ટેલિફોન ડીરેક્ટરી પ્રકાશન, ૧૩મા જીવનસાથી પરિચય સંમેલન નું આયોજન અને ડીજીટલ વેબસાઈટ-૨૦૨૨ ના લોન્ચીંગના એકસાથે ચાર પ્રોજેક્ટની કામગીરી ઉપાડી તેમજ તમામ પ્રોજેક્ટના સંકલન અને કોર્ડીનેશનની જવાબદારી અમોને સોંપવામાં આવી છે.

મિત્રો આપ સૌ જાણો છો તેમ છેલ્લા લગભગ ત્રણ વર્ષ કોવિડ-૧૯ની મહામારીના કારણે આપણે સૌ કપરા સમયમાંથી પસાર થયા છીએ. પરંતુ સંસ્થા દ્વારા આ સમય દરમ્યાન સ્થગિત રહેલા તમામ કાર્યક્રમોનું એક સાથે સુંદર આયોજન કરવામાં આવેલ છે.

સપ્તમ વસ્તીત્રક ગ્રંથ વર્ષ-૨૦૧૨માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. સદર ગ્રંથને પ્રકાશિત થયે લગભગ દશ વર્ષનો સમયગાળો વ્યતિત થયેલ હતો અને આપણા બાવન ગામના પરિવારો હાલ ક્યાં વસવાટ કરે છે તે અદ્યતન માહિતી આપણી પાસે ઉપલબ્ધ ન હોય. પ્રમુખશ્રી દિપકભાઈએ તથા તેમની સમગ્ર ટીમે આ બીડું ઝડપી સમાજના પરિવારોની માહિતિ એકઠી કરી સુંદર માહિતીસભર વસ્તીપત્રક ગ્રંથ-૨૦૨૨ તૈયાર કરેલ છે. તેમજ અગાઉ વર્ષ ૨૦૧૨માં પુર્વ પ્રમુખશ્રી ભરતભાઈએ તૈયાર કરેલ વેબસાઈટ www.medk.org ટેકનીકલ કારણોસર હાલ ચાલતી ન હોય તેમજ તેમાં આપણા સમાજના પરિવારોની માહિતી ઉપલબ્ધ ન હોય પુનઃ નવેસરથી પુર્વ પ્રમુખશ્રી ભરતભાઈના માર્ગદર્શન હેઠળ ડીજીટલ વેબસાઈટ-૨૦૨૨નું નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે.

સંસ્થા દ્વારા અગાઉ પાંચ ટેલિફોન ડીરેક્ટરીનું પ્રકાશન કરવામાં આવેલ છે. આ વર્ષે પણ આપણે ષષ્ઠમ ટેલીફોન ડીરેક્ટરીનું પણ પ્રકાશન કરી રહ્યા છીએ. હાલની પરિસ્થિતિએ લેન્ડલાઈન ટેલીફોન નંબર ઉપલબ્ધ ન હોય નવિન ષષ્ઠમ ટેલીફોન ડીરેક્ટરીમાં બે મોબાઈલ નંબરનો સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી મો.એ.દ.ખ. વસ્તી સમિતિ દ્વારા અગાઉ ૧૨ જીવનસાથી પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. છેલ્લે વર્ષ ડિસેમ્બર ૨૦૧૭માં પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે. સામાન્ય રીતે દર બે વર્ષે પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવે છે. પરંતુ કોવિડ-૧૯ની એપેડેમીક પરિસ્થિતિના કારણે આયોજન શક્ય બનેલ ન હોય. આ વર્ષે આપણે ૧૩માં જીવનસાથી પરિચય સંમેલનનું પણ આયોજન કરેલ છે. પરિચય સંમેલનમાં ભાગ લેનાર યુવક-યુવતીઓને વધુ સમય ફાળવી પ્રાધાન્ય આપી શકાય તેવા હેતુસર નવિન અભિગમ રૂપે આપણે આ વખતે બપોરથી રાત્રિ સુધી ભવ્ય કાર્યક્રમનું આયોજન કરેલ છે.

સંસ્થાના આ ચારેય પ્રોજેક્ટ માટે સુંદર કામગીરી કરવા બદલ પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીઓ, માનદ મંત્રીશ્રીઓ, સંસ્થાના કાર્યવાન સભ્યશ્રીઓ, ગ્રંથ પ્રતિનિધિશ્રીઓ ના ઉમદા સહયોગ અને ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓના માર્ગદર્શન હેઠળ અને સૌના સહીયારા પ્રયત્નોથી પ્રોજેક્ટ સુંદર રીતે પુરો કરી શક્યા છીએ એ બદલ સૌનો ખૂબ આભાર.

વંદનીય વડીલો અને શુભેચ્છકોના ફોટા ગ્રંથમાં છાપવા તથા જાહેરાતનું આર્થિક યોગદાન આપનાર દાતાશ્રીઓ અમો આભારી છીએ.

અષ્ટમ વસ્તીપત્રક ગ્રંથ-૨૦૨૨ ષષ્ઠમ ટેલીફોન ડીરેક્ટરી-૨૦૨૨ અને વિવાહોત્સુક પરિચય પુસ્તિકાનો માહિતી સભર બનાવવા તથા તેના સંકલનમાં વિશિષ્ટ સેવાઓ આપવા બદલ સંસ્થાના પ્રમુખશ્રી દિપકભાઈ કન્વીનર શ્રી બિપીનભાઈ,શ્રી ભાવિનભાઈ, માનદ મંત્રી શ્રી ઘનશ્યામભાઈ તથા આકાશ દિપકકુમાર શાહને ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.


અંતમાં વસ્તીપત્રક ગ્રંથ, ટેલીફોન ડીરેક્ટરી અને પરિચય પુસ્તિકાના સુંદર મુદ્રણકાર્ય બદલ શ્રી પરિમલ શાહને તથા તેમની સમગ્ર ટીમને આભારી છીએ.

ઈષ્ટદેવશ્રી કોટીયર્ક પ્રભુના આર્શીવાદ આપ સૌ પર વરસતા રહે. સંસ્થા દિન-પ્રતિદીન સફળતાના શિખરો સર કરે તેવા પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

# કન્વીનરશ્રીઓનું નિવેદન



**શ્રી બિપીનચંદ્ર ચીમનલાલ શાહ**



**શ્રી યોગેશકુમાર ચંદુલાલ શાહ**



**શ્રી ભાવિનકુમાર પૂંજાલાલ શાહ**

શ્રી મોડાસા એકડા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિ આયોજીત ૧૩મો જીવનસાથી પરિચય સંમેલનમાં આપ સર્વે જ્ઞાતિ બંધુઓનુ ઉષ્માભર્યું હાર્દિક સ્વાગત છે.

શ્રી મોડાસા એકડા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિ, મોડાસા છેલ્લા ૪૮ વર્ષથી સેવાના કાર્યોમાં કાર્યરત છે. સંસ્થા દ્વારા સમાજનું દર્શન કરાવતો વસ્તીપત્રક ગ્રંથ, પરિચય સંમેલન પુસ્તિકા, ટેલીફોન ડીરેકટરી, ડીજીટલ વેબસાઇટ વગેરે બનાવવાનું કાર્ય કરે છે તથા યુવક–યુવતીઓ માટે જીવનસાથી પરીચય  સંમેલન તેમજ સમૂહ લગ્નનું આયોજન કરવાનું કાર્ય કરે છે.

આ વર્ષે શ્રી મોડાસા એકડા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિ દ્વારા અષ્ટમ વસ્તીપત્રક ગ્રંથ, ૧૩મો જીવનસાથી પરિચય સંમેલન, ષષ્ઠમ ટેલીફોન ડીરેકટરી, નવીન ડીજીટલ વેબસાઈટ નું વિમોચન ના પ્રંસગે  અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

હાલ આપણો બાવન ગામનો સમાજ દેશ–વિદેશ માં થઈને હાલ ૧૭૧ ગામોમાં સ્થાયી થયેલ છે. અને હાલ આપણાં આ બાવન ગામનના કુલ ૩૦૦૩ કુટુંબો છે.

વિવાહઉત્સુક યુવક–યુવતીઓના લાભાર્થે સંસ્થા તરફથી જીવનસાથી પસંદગી માટે પરિચય સંમેલન દ્વારા મનનો માણીગર મેળવવાનો સુઅવસર પૂરો પાડવામાં સનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવે છે. ૧૩મો જીવનસાથી પરિચય સંમેલન સમાજની મોટી વસ્તી ધરાવતી મેગા સીટી અમદાવાદમાં પાંચમી વાર મળી રહ્યું છે તે માટે અમો સંસ્થાનાં સર્વે હોદ્દેદારો આનંદની લાગણી અનુભવીએ છીએ.

કોવિડ–૧૯ ની પરિસ્થિતિને કારણે પરિચય સંમેલન પાંચ વર્ષ પછી યોજવામાં આવ્યું છે. આ પરિચય પુસ્તીકામાં ૧૮૫ જેટલા યુવકો અને ૬૫ જેટલી યુવતીઓનો બાયોડેટા આપવામાં આવેલ છે.

આજનો વિજ્ઞાન અને આઇ.ટી.ના યુગમાં યુવક–યુવતીઓનું શૈક્ષણીક સ્તર ખૂબજ ઉંચુ ગયું છે. સમાજના ઘણા પરિવારના બાળકો વધુ અભ્યાસ માટે વિદેશ જઈ રહ્યાં છે. ત્યારે આવા પસંદગી મેળા સમાજ માટે આશીર્વાદ રૂપ છે.  સમાજના આવા સંમેલનો સામાજને એકતાને તાંતણે બાંધી રાખવા માટે અનિવાર્ય છે.

દરેક ઉમેદવારને અમારી આગ્રહભરી નમ્ર વિનંતી છે કે વિના સંકોચે સ્ટેજ પર આવી પોતાનો તથા પોતાના પરિવાનો વિસ્તૃત પરિચય આપશો. જેથી આપના પંસદગીના પાત્ર મેળવવાની તક મળે છે. આજના સમયમાં યુવકોની સરખામણીએ આપણી જ્ઞાતિમાં યુવતીઓની સંખ્યા ઓછી છે જેથી ભાગ લેનાર દરેક ઉમેદવારે સ્ટેજ ઉપર આવી આપનું પરફોર્મન્સ રજુ કરવું જેથી સફળતાના ફળ સ્વરૂપે આ પરિચય સંમેલનમાં પણ વધુને વધુ વેવિશાળ જાહેર થાય તેવી શુભેચ્છા.

આજના પ્રસંગના સ્વપ્ન દ્રષ્ટા અને ડાયનેમિક પ્રમુખ શ્રી દિપકભાઈ ડી. શાહ તથા સંસ્થાના ઉપપ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીઓ, માનદ્ મંત્રીઓ તથા સંસ્થાના આ પ્રોજેક્ટના સુંદર આયોજનમાં સંપૂર્ણ સહકાર આપનાર દાતાશ્રીઓ, જાહેરાત આપનાર શુભેચ્છકો, સંસ્થાના કારોબારી સભ્યશ્રીઓ, વ્યવસ્થાપક કમિટીના સભ્યશ્રીઓ તથા પરિચય સંમેલનમાં ભાગ લેનાર યુવક–યુવતીઓ તથા સંસ્થાના સભ્યશ્રીઓના આ પ્રંસગે આભાર માનું છું.

વિશેષમાં આ પુસ્તીકા તેમજ વસ્તીપત્રક ગ્રથ–૨૦૨૨ બનાવવા માટે જેમને રાત–દિવસ જોયા વગર ખૂબ જ જહેમત ઉઠાવી છે તેવા પ્રમુખશ્રી દિપકભાઈ, માનદ્ મંત્રી શ્રી ઘનશ્યામભાઈ નો અમે આ પ્રસંગે સવિશેષ આભાર માનીએ છીએ.

આ કાર્યક્રમમાં સહકાર આપનાર નામી–અનામી દરેક જ્ઞાતિજનો નો આભાર.

## મંત્રીશ્રીઓનું નિવેદન



શ્રી ઘનશ્યામભાઈ પી. શાહ



શ્રી ભાવિનભાઈ પી. શાહ



શ્રી પ્રદિપભાઈ કે. શાહ



શ્રી રાજેશભાઈ પી. શાહ

વ્હાલા જ્ઞાતિ બંધુઓ

શ્રી મોડાસા દશા ખડાયતા વસ્તીપત્રક સમિતિ દ્વારા પ્રકાશિત થયેલ ૧૩મો જીવનસાથી પરિચય સંમેલન ૨૦૨૨ પુસ્તિકા પ્રકાશિત કરતા અમો હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

આજના ઝડપી યુગમા સમયની વ્યસ્તતાના કારણે રૂબરૂ મળવુ બહુજ ઓછુ થઈ ગયુ છે. સમયની વિસ્તરતી જતી ક્ષિતીજે સમાજના પરિવારો દેશ વિદેશમા સ્થાયી થઈ રહ્યા છે ત્યારે પરિચય સંમેલનના માધ્યમથી જ્ઞાતિજનો એકબીજાથી પરિચીત થાય ઓળખી શકે અને સંબંધોમા સ્નેહના નવા સૂર પુરાય એ માટે પરિચય સંમેલન અનિવાર્ય બન્યુ છે. પરિચય સંમેલન દ્વારા દરેક યુવક–યુવતીને એકજ ફલક પર વિશાળ પંસદગીની તક મળી રહે છે. સાથે સાથે જ્ઞાતિની અંખડિતતા, એકતા, સંસ્કારિતા જળવાય એજ મુખ્ય ઉદ્દેશ છે.

પરિચય પુસ્તિકા પ્રકાશિત કરવા માટે સંસ્થાના સભ્યોને ફોર્મ મોકલવામાં આવ્યા હતા જેના પ્રતિસાદ રૂપે ૧૮૦ યુવકો અને ૬૫ યુવતીઓના ફોર્મ ભરીને પરત મળેલ છે. ફોર્મમાં ઉપલબ્ધ થયેલ માહિતી અનુસાર સંપૂર્ણ બાયોડેટા, અભ્યાસ, કારકિર્દી અને કૌટુંબિક માહિતી સાથે કલર ફૂલ પરિચય પુસ્તિકામાં સમાવેસ કરી પ્રકાશિત કરવામાં આવી છે. જે વિવાહોત્સુક યુવક–યુવતી તથા તેઓના વાલીઓ માટે ઉપયોગી સાબિત થશે.

સંસ્થાના ચારેય પ્રોજેક્ટના સફળ આયોજન, માર્ગદર્શન માટે જ્ઞાતિના મહાનુભવો તરફથી તન, મન અને ધનથી પ્રેરણાબળ પૂરું પાડેલ છે એ બદલ અમો સર્વેના આભારી છીએ.

પરિચય સંમેલનને હાઈટેક બનાવવાનો સનિષ્ઠ પ્રયત્ન કરેલ છે. સંમેલનને સફળ આયોજન માટે તથા ૧૩મો જીવનસાથી પરિચય પુસ્તિકા ૨૦૨૨ ને માહિતી સભર સુંદર બનાવવા સહકાર આપનાર પ્રમુખશ્રી દિપકભાઈ ડી. શાહ, કો.ઓર્ડીનેટરશ્રી શ્રી વિનોદભાઈ એમ. શાહ, શ્રી કૃષ્ણકાંત કે. શાહ, કન્વીનર શ્રી બિપીનભાઈ સી. શાહ, યોગેશભાઈ સી. શાહ, સંસ્થાના ઉપપ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, મધ્યસ્થ સંસ્થાના પ્રમુખશ્રીઓ તથા સર્વે હોદ્દેદારો, સંસ્થાના ભૂતપુર્વ પ્રમુખશ્રીઓ સંસ્થાના ભૂતપુર્વ પ્રમુખ શ્રી હર્ષદભાઈ જે. શાહ તથા વિવિધ કમિટીના સર્વે સભ્યશ્રીઓ તથા પ્રતિનિધીશ્રીઓ અમદાવાદ મંડળના પ્રમુખશ્રી દિપકકુમાર આર. શાહ તથા સંસ્થાના સર્વે હોદ્દેદારો અને કારોબારી સભ્યશ્રીઓ તથા તથા શ્રી ભાવિકકુમાર કે. શાહ, શ્રી આકાશ ડી. શાહ, શ્રી દિલીપભાઈ એ. શાહ, શ્રી ધવલ પી. શાહ, શ્રી હિતેશકુમાર પી. શાહ, શ્રી હિતેશકુમાર જી. શાહ, શ્રી ધનંજય બી. શાહ, શ્રી રાકેશ કે. શાહ, શ્રી અમિતભાઈ એમ. શાહ, શ્રી ધવલ જે. શાહ (દહેગામ), શ્રી વિજેશભાઈ વી. શાહ, શ્રી પ્રણવ આર. શાહ, શ્રી ધવલભાઈ (હિંમતનગર), શ્રી પિયુષભાઈ સી. શાહ (બાયડ), શ્રી સુનિલકુમાર જે. શાહ (લુણાવાડા) શ્રી અરવિંદભાઈ જે. શાહ (ધનસુરા), શ્રી ચેતનભાઈ એચ. શાહ (બરોડા), શ્રી વિલાસકુમાર જી. શાહ (બદલાપુર) એ જે સાથ સહકાર આપ્યો છે તે સૌ નો હૃદય પૂર્વક આભાર માનીએ છીએ.

આજના શુભ પ્રસંગના માસ્ટર ઓફ સેરેમની શ્રી હિરેનભાઈ ભટ્ટ તથા આર.જે પુજાના પણ અમો આભારી છીએ.

સંસ્થા દ્વારા પ્રકાશિત થનાર અષ્ટમ વસ્તીપત્રક ગ્રંથ, ષષ્ઠમ ટેલીફોન ડીરેક્ટરી તેમજ ૧૩મો જીવનસાથી પરિચય પુસ્તિકાના સુંદર અને આકર્ષક ડિઝાઈન અને મુદ્રણ માટે શ્રી પરિમલ જી. શાહ તથા ગ્રાફિક્સ ડિઝાઈનર શ્રી વિપુલભાઈ નો આભાર માનીએ છીએ.

પ્રોગામના સુંદર આયોજન માટે વિવાફાર્મના આયોજકો તથા અરવિંદ કેટરર્સના શ્રી અરવિંદભાઈનો આભાર માનીએ છીએ.